# 17. સંસ્કારની શ્રીમંતાઈ



કુન્દનિકા કાપડિયા

જન્મ : ઈ.સ. 1927

કુન્દનિકા કાપડિયાનો જન્મ લીંબડી મુકામે થયો છે. તેઓ વાર્તાકાર તેમજ નવલકથાકાર તરીકે જાણીતાં છે. 'પ્રેમનાં આંસુ', 'કાગળની હોડી' વગેરે તેમના જાણીતા વાર્તાસંગ્રહો છે. 'સાત પગલાં આકાશમાં' એમની બહુ ચર્ચાયેલી નવલકથા છે. 'પરમ સમીપે' વિશિષ્ટ રીતે તૈયાર કરેલો એક પ્રાર્થનાસંગ્રહ છે. એમણે સાહિત્યની સાથે સાથે સમાજસેવા અંગીકાર કરી છે. હાલ તેઓ વલસાડ નજીક આવેલા નંદીગ્રામમાં સ્થાયી થઈ સાહિત્યસર્જન કરી રહ્યાં છે.

માનવજીવનની ઘટમાળ એવી છે કે એમાં સુખ પછી દુઃખ, ચડતી પછી પડતી, કુદરતના ક્રમ પ્રમાણે અવશ્ય આવતાં જ હોય છે. આવે સમયે જરા પણ વિચલિત થયા વગર સ્વસ્થતા જાળવી રાખી આવી પડેલી પરિસ્થિતિનો ખરા દિલથી સ્વીકાર કરવો એ જ સાચા સંસ્કાર છે. એમાં જ સંસ્કારની શ્રીમંતાઈ રહેલી છે. એક સમય હતો જ્યારે શેઠ જગમોહનદાસ અને તેમનું કુટુંબ શ્રીમંતાઈમાં ઝૂલતું હતું. અચાનક ભાગ્યની દશા પલટાઈ. કારમી ગરીબી તેમના કુટુંબ ઉપર ઊતરી આવી. ત્યારે પણ કુટુંબનો એકેએક સભ્ય-આબાલવૃદ્ધ સૌ કોઈ સ્થિતિનો વાંક કાઢવાને બદલે કે નિરાશ થવાને બદલે પોતાના ભાગે આવતું કર્તવ્ય બજાવ્યાનું અને એકમેકને મદદરૂપ થવાનું ચાલુ રાખે છે.

જગમોહનદાસ એટલા શ્રીમંત હતા કે એમના વર્તુળમાં તે 'રાજા' નામથી જ સંબોધાતા. લક્ષ્મીદેવીએ બેય હાથે તેમની આરતી ઉતારી હશે. સાઠ લાખ રૂપિયાને ખર્ચે દરિયાકિનારે બંધાવેલો તેમનો આસમાની 'આનંદ મહેલ' રાત્રે દીવાના ઝળહળાટથી અલકાપુરીની યાદ આપી જતો. તેમને ઘેર છ મોટરગાડીઓ હતી અને નોકરચાકરનો તો પાર નહિ.

જગમોહનદાસના કુટુંબના આઠ સભ્યો. તેમનાં પત્ની પાર્વતીબહેન, વૃદ્ધ પિતા દયાળજીભાઈ, છવ્વીસ વર્ષનો પુત્ર સુમોહન, પુત્રવધૂ ઉત્પલા, તેમનાં બે બાળકો મિલન તથા મૃણાલ, સોળ વર્ષની પુત્રી પ્રીતિ અને જગમોહનદાસ પોતે.

આટલા બધા વૈભવી સ્થાનમાં, જ્યાં દરેક જણ પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકતું હોય ત્યાં કુટુંબમાં ઘર્ષણનો કે એવો પ્રસંગ શાનો ઊભો થાય ? બધાં જ લોકો ખૂબ સુખી હતાં. જિંદગી સામે ફરિયાદ કરવાનું એમની પાસે કોઈ કારણ નહોતું.

પણ વિધાતાના ખેલમાંયે અજબ વળાંકો રહ્યા હોય છે. જગમોહનદાસ સટ્ટાનો વેપાર કરતા હતા. વેપારમાં એમને એક ભયંકર ફટકો પડ્યો અને વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને

પણ લાવે છે. એ કહેવત અનુસાર એ ફટકાની પાછળ એક પછી એક આઘાતો, પરાજયો, નુકસાનીની પરંપરા ચાલી આવી.

થોડાં વર્ષોમાં જગમોહનદાસ બધું જ ખોઈ બેઠા.

એ ન માની શકાય એવી વાત હતી. આટલી બધી સંપત્તિ, આટલો વૈભવ, આ માન, સ્થાન, બધું જ પાણીના રેલાની માફક આંખ ઉઘાડતાં ન ઉઘાડતાંમાં વહી ગયું. નુકસાન એવડું મોટું હતું કે શેઠને પોતાનો બંગલો સુધ્ધાં વેચી નાખવો પડ્યો. મોટરગાડી ને ઘરની બીજી કીમતી વસ્તુઓ તો એ પહેલાં જ વેચી નાખેલી.

અતિશયોક્તિ વગર, ખરેખર સોનાના પારણામાં જેમનાં બાળકો ઝૂલ્યાં હતાં એ જગમોહનદાસ પચાસ રૂપિયા ભાડું આપી એક નાનકડા મકાનમાં રહેવા ચાલ્યા ગયા.

શ્રીમંતાઈ માણસના સ્વભાવને એક પ્રકારની અક્કડતાથી સજાવી રાખે છે. વૈભવનું ઊંચું આસન એના સ્વભાવને અમીરી બેપરવાઈનો અંચળો પહેરાવે છે; પણ માણસની સામે જ્યારે આફતો આવી પડે છે, પાઈપાઈના હિસાબ ઉપર એને દિવસો ખેંચવાના હોય છે ત્યારે એના સ્વભાવમાં સમતુલા ને ઔદાર્ય કેટલાં રહે છે એ એક નિરીક્ષણ કરવા જેવી વસ્તુ છે.

જગમોહનદાસ શેઠ 'નાના' બની ગયા પછી ઘરમાંથી બધા નોકરોને રજા આપવામાં આવી હતી. કેવળ એક ઘાટી ઘરનું કામ કરતો. રસોઈનું કામ સ્ત્રીવર્ગે ઉપાડી લીધું હતું. ચળકતી નવી મોટરોમાં ફરતા શેઠિયાઓને બદલે હવે એમને ઘેર નાના સામાન્ય માણસોની અવરજવર વધી હતી.

જગમોહનદાસની પુત્રી પ્રીતિ મારી મિત્ર હતી. હું એ લોકોને ઘણા સમયથી ઓળખતી, પણ મારું એમને ત્યાં જવા-આવવાનું ઓછું રહેતું; પણ એમની બદલાયેલી સ્થિતિ પછી હું એમને ત્યાં અવારનવાર જતી અને પ્રીતિ અને એની બાને કામમાં મદદ કરતી. એ લોકોએ કદી કામ નહોતું કર્યું એટલે અગવડો તો પારાવાર ઊભી થતી, પણ તેઓ એને નિભાવી લેતાં.

એક દિવસ બપોરે હું એમને ત્યાં ગઈ, ત્યારે બહારના વરંડામાં દયાળજીભાઈ બેઠા બેઠા ચશ્માં ચડાવીને છાપું વાંચતા હતા. પાસે જઈને મેં કહ્યું : ''નમસ્કાર દાદા ! કેમ છો ? તબિયત તો સારી છે ને ?''

છાપું ખસેડી, ચશ્માં ઠીક કરી મારી સામે જોઈ દાદા મીઠું હસ્યા. ''ઘણા દિવસે આવી, બેટા ! પ્રીતિ કહેતી હતી તું બહારગામ ગઈ છો, તબિયત તો સારી છે ને ?''

''હું તો દાદા વળી કયે દિવસે મજામાં નથી હોતી ? પણ તમે કેમ છો એ તો કહો.''

દાદાએ એક હળવો નિઃશ્વાસ મૂકીને કહ્યું : ''મારે શું દુઃખ છે, દીકરી ? ત્યારેય બેઠો બેઠો ખાતો હતો, આજેય બેઠો બેઠો રોટલો ખાઉં છું. મને કશી વાતની તકલીફ નથી. હજુ આજે પણ સવારે હું પથારીમાંથી ઊઠું કે મસાલો નાખેલી ગરમ ચાનો સરસ કપ હાજર થઈ જાય છે. વહુ મને પૂછીને રસોઈ બનાવે છે ને મારી તબિયત માટે જુદું પણ રાંધે છે. બપોરે છાપાં વાંચું છું ને સાંજે ફરવા જાઉં છું. મોટર નથી એટલે હવે ચાલવાની કસરત મળે છે, તે ઊલટું સારું રહે છે.''

''તો દાદા, તમે નિઃશ્વાસ કેમ મૂક્યો ?''

''એમ છે દીકરી, જ્યાં સુધી સાહેબી હતી ત્યાં સુધી બેઠો બેઠો ખાતો હતો તે કશું ખરાબ નહોતું લાગતું, પણ આજે, જેણે કદી કશું કામ નહોતું કર્યું એવાં આ પાર્વતી, પ્રીતિ, ઉત્પલા જોશભેર કામ કરવા લાગી ગયાં છે ત્યારે હું બુઢ્ઢો કશું કર્યા વગર ખાઉં છું તે મને ખૂંચે છે. પણ હું હવે શું કરી શકું ? મારી જુવાનીમાં તો મેં પણ ઘણું કામ કર્યું છે, પણ અત્યારે આ અવસ્થાએ મને કોણ કામ આપે ? બસ, આ જ વાતનું દુઃખ રહ્યાં કરે છે...'' દાદા ફરી એમનું મીઠું પણ વિલાયેલું હાસ્ય હસ્યા.

''કાંઈ નહિ દાદા, તમારી અવસ્થા પણ ક્યાં છે કામ કરવા જેવી ?'' મેં આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો ને અંદર ગઈ ત્યાં સુમોહન બહાર જતો વચ્ચે જ મળી ગયો.

''ઓહો દર્શનાબહેન, ઘણે દિવસે કાંઈ ?''

''હાં, જરા બહારગામ ગઈ હતી. કેમ છે કામકાજ ? નવી નોકરીમાં આનંદ છે ને ?''

''આનંદ તો છે દર્શનાબહેન ! છેક અમેરિકા જઈને ભણી આવ્યો એ નકામું તો ન જ જાય ને ! પણ એક વાત છે...'' એના મોં પર વિષાદની રેખાઓ દોરાઈ - ''એક વાતનું મને ખૂબ દુઃખ થાય છે. આ પ્રીતિ ઉપર મારી બહુ જ આશા હતી. એને ડૉક્ટર બનાવી અમેરિકા ભણવા મોકલવી હતી. તમે તો જાણો છો, એ ભણવામાં કેટલી હોશિયાર છે, મારા કરતાં ક્યાંય વધારે. મને એમ હતું કે મારી નાનકડી વહાલી બહેનને હું ઊંચામાં ઊંચી શક્ય હશે તે કેળવણી આપીશ. પણ હવે એ સ્થિતિ રહી નથી. મને થાય છે, હું એનાથી મોટો એટલે મને એ સગવડ મળી ગઈ, હવે સ્થિતિ બદલાઈ એમાં સહન તો એણે જ કરવાનું ને ? સહન તો સામાન્ય રીતે મોટાં કરે. એ મારાથી નાની તોપણ...'' એનો અવાજ ભીનો થઈ ગયો. એના હૃદયમાં રહેલી આ પ્રેમસભરવાણી જોઈને મારા દિલમાં પણ કરુણા ઊભરાઈ આવી. હું બોલી : ''કાંઈ નહિ સુમોહનભાઈ, સંયોગોથી પરાજિત ન થાય અને મુશ્કેલીઓ સામે ઝૂકી જવાને બદલે લડત આપે એનું નામ જીવન. તમે આવા પુરુષાર્થી છો પણ પ્રીતિને શાની ચિંતા ?''

રસોડામાં ભાભી ચોખા વીણતાં હતાં. મેં કહ્યું : ''સાચું કહેજો ભાભી, સુખી છો કે કશુંક દુઃખ થાય છે ?''

તપસ્વિની ઉમાના જેવું સુભગ સ્મિત કરી ઉત્પલાભાભી બોલ્યાં : ''અરે બહેન, તમે પણ શું એમ માનો છો કે બંગલો ને મોટરગાડી જ માણસને સુખ આપે છે ? અરે આ કામ કરવામાં જેટલી મજા પડે છે, સાંજના એ નોકરી પરથી થાકીને આવે, અમે જમી લઈએ, પછી રાતે બે ઘડી વાતો કરતાં જે શીળો આનંદ મળે છે એ પેલાં પાર્ટી ને ક્લબ ને મિજલસોમાં ક્યારેય ન મળતો; પણ એક રંજ તો મનમાં રહે છે. આજ સુધી ઘરકામ કર્યું નથી એટલે બરોબર ફાવટ આવી નથી. કામ કરતાં પુષ્કળ વાર લાગે છે. થાય છે, પહેલેથી થોડું કર્યું હોત તો આજે આટલો વખત એની પાછળ ન જાત, અને આજે મને વખત મળત તો હું પણ થોડુંઘણું કમાઈ એમના બોજને હલકો કરી શકત ને ? બસ આટલો શોક મનમાં થયાં કરે છે. પણ મને લાગે છે કે થોડા સમયમાં મને આ કામની ફાવટ આવી જશે; પછી હું કોઈ શાળામાં કે એમ કામ કરવા જઈ શકીશ.''

પાર્વતીબહેન માળા ફેરવીને હમણાં જ ઊભાં થયાં હતાં. મને જોતાં જ બોલ્યાં : ''આવ દર્શના, તું આવે છે, તો ગમે છે હું તો હવે એટલી એકલી પડી ગઈ છું ! પ્રીતિ કૉલેજમાં જાય ને ઉત્પલા તો ઘરકામમાં મને અડવા સુધ્ધાં દેતી નથી. મિલન-મૃણાલને તૈયાર કરું તોપણ કહે, 'ના, બા, અમે બધું કરીશું, તમે રહેવા દો -' પછી આખો દિવસ કરવું શું ?''

એ હસી : ''કેવાં નસીબદાર સાસુ છો તમે ? આવી વહુ કાંઈ સહેલાઈથી નથી મળતી.''

એ મારી નજીક આવી ધીમે સ્વરે બોલ્યાં : ''તે તું શું માને છે કે એ મારું નસીબ છે ? એ તો છે દાદાજીના પુણ્યનું બળ. મને ખબર છે ને, દાદાજીના દિલમાં ભગવાન બેઠા છે. જિંદગી આખીમાં કદી ખોટું કામ એમણે કર્યું નથી, ખોટું વચન બોલ્યા નથી, કોઈનો તિરસ્કાર કર્યો નથી. ભગવાને સંપત્તિ લઈ લઈને તો ઊલટાની વધુ મોટી આશિષ આપી છે. પણ શોક એટલો થાય છે કે બધાએ આ મુશ્કેલી નિવારવા કાંઈક ને કાંઈક કામ ઉપાડી લીધું ને હું એકલી રહી ગઈ.'' મને થયું, કપડાં સીવતાં શીખું તો સંચો ઘેર વસાવી શકાય. પણ ડૉક્ટરે કહ્યું હતું : ''આંખે ઝાંખપ આવે છે એટલે આંખનું કોઈ કામ હમણાં કરજો મા. દવા થઈ જાય પછી ચશ્માં લેવાં પડશે. ખરે ટાંકણે વિઘ્ન ઊભું થયું ને ? બસ આટલું ના હોત તો કશીયે ખોટ નહોતી.''

બહાર જઈ, પ્રીતિનો હાથ પકડી હું બોલી : ''પ્રીતિ, તું તો ખૂબ ભાગ્યવાન છે. જે ઘરનાં લોકોમાં આટલી કર્તવ્યભાવના, પોતાને ઘસી નાખવાની આટલી ઝંખના હોય, એમના પ્રેમની સુવાસ તો સાચે જ તને ઈર્ષ્યા કરવા જેવી ભાગ્યશાળી બનાવી દે છે.''

મારી સામે આનંદથી જોઈ પ્રીતિ બોલી : ''કર્તવ્યભાવના ? હું તો એને શ્રીમંતાઈ કહું છું. પેલી શ્રીમંતાઈ તો વસ્તુનો આડંબર હતો, બહારની ચીજ હતી. સાચી શ્રીમંતાઈ તો એ સહુના દિલમાં વસી છે, સંસ્કારની શ્રીમંતાઈ. એમ ન હોત તો આર્થિક દૃષ્ટિએ આટલા મોટા પતન પછી અમે શી રીતે અમારા ઘરની એ જ સંવાદિતા, એ જ આનંદ, એ જ અખંડિતતા જાળવી શક્યાં હોત, કહે તો ?''

હર્ષથી મેં પ્રીતિનો હાથ દબાવ્યો : ''ઘણા મોટા ધનની સ્વામિની બની છો, પ્રીતિ !''

(**'દ્વાર અને દીવાલ'**માંથી)

## ● ટિપ્પણ

**આસમાની** આકાશ જેવા ભૂરા રંગનું **અલકાપુરી** સ્વર્ગ **પુત્રવધૂ** પુત્રની પત્ની **વૈભવી** વૈભવવાળું **વિધાતા** બ્રહ્મા **વિપત્તિ** દુઃખ, આફત **ફટકો પડવો** નુકસાન થવું **સુધ્ધાં** સહિત, સાથે **અતિશયોક્તિ** હોય તે કરતાં વાત વધારીને રજૂ કરવી **અંચળો** પાલવ **ઔદાર્ય** ઉદારતા **અમીરી** શ્રીમંતાઈ **અગવડ** મુશ્કેલી **બુઢ્ઢો** ઘરડો માણસ **અવસ્થા** (અહીં) ઘડપણ **વિલાવું** કરમાવું **કરુણા** દયા **પરાજિત થવું** હારી જવું **ઝૂકી જવું** નમી જવું **શીળું** ઠંડું **રંજ** દુઃખ, દિલગીરી **સંપત્તિ** ધન-દોલત **પુરુષાર્થી** મહેનત કરનાર **સરવાણી** ઝરણું **સુભગ** સુંદર, રમણીય **સ્મિત** મંદ હાસ્ય **મિજલસ** ગમ્મતભર્યો મેળાવડો **વિઘ્ન** અડચણ **મા** (અહીં) નકારના અર્થમાં **ઘસી નાખવું** ખૂબ કામ કરવું **ઝંખના** ચિંતા, વારંવારનું સ્મરણ **પતન** પડતી **સંવાદિતા** એકરાગ, સહમતી **બેય હાથે આરતી ઉતારવી** મહેરબાની કરવી **પાણીના રેલા માફક વહી જવું** ઝડપથી નાશ પામવું **સોનાના પારણામાં ઝૂલવું** વૈભવ કે શ્રીમંતાઈમાં ઊછરવું **સાહેબી** સમૃદ્ધિ

## ● ભાષાસજ્જતા

**1. આ વાર્તામાં ગુજરાતી ભાષા ઉપરાંત બીજી ભાષાઓના શબ્દોનો ઉપયોગ થયો છે, તે તમારા ધ્યાનમાં આવ્યું હશે. અંગ્રેજી (ડૉક્ટર, પાર્ટી, ક્લબ), અરબી (મિજલસ, નસીબ, નસીબદાર), ફારસી (જિંદગી,**

**ચશ્માં, ચીજ) ભાષાના શબ્દોનો ઉપયોગ થયો છે. સંસ્કૃત અને અન્ય ભારતીય ભાષાના અનેક શબ્દો ગુજરાતી ભાષામાં વપરાય છે.**

**2. અન્ય ભાષાના શબ્દો કાં મૂળ રૂપે (તત્સમ) ગુજરાતીમાં આવે છે, કાં પરિવર્તન પામીને (તદ્ભવ) આવે છે. સંસ્કૃત ભાષાના અસંખ્ય શબ્દો ગુજરાતીમાં મૂળરૂપમાં પણ વપરાય છે તેમજ તેમનાં પરિવર્તન પામેલાં રૂપો પણ વપરાય છે.**

સંસ્કૃત શબ્દો :

| તત્સમ | તદ્ભવ |
|---|---|
| ધર્મ | ધરમ |
| સૂર્ય | સૂરજ |
| હસ્ત | હાથ |
| કર્મ | કરમ |
| વર્ષ | વરસ |

**3. ચિંતનાત્મક પંક્તિઓમાં રજૂ થયેલા વિચારને કે બોધભાવને પકડી એને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવે તેને વિચારવિસ્તારની પ્રવૃત્તિ કહેવાય. 'વિચારવિસ્તાર' કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે જાણીએ.**

- વાંચવું અને વિચારવું એ વિચારવિસ્તારની પાયાની બાબત છે. સૌ પ્રથમ આપેલી પંક્તિઓને ધ્યાનપૂર્વક વાંચો. એમાં ક્યાંય વિરામચિહ્નો હોય તો એ પ્રમાણે ત્યાં અટકીને વાંચો.
- શબ્દોના અર્થ સમજવાનો પ્રયત્ન કરતા જઈ પંક્તિ-પંક્તિઓના મુખ્ય વિચારને તારવવો એ વિચારવિસ્તારની અગત્યની બાબત છે.
- પંક્તિ કે પંક્તિઓમાંથી સાદો અર્થ સમજાય પછી એમાંથી પ્રગટતા અન્ય અર્થો - સૂચિતાર્થો કે ગૂઢાર્થોને સમજવાનો પ્રયત્ન કરી અને એમાં કેવો બોધ છે તે તારવો.
- પંક્તિના મુખ્ય વિચારને સમજાવવા એને અનુરૂપ અન્ય એવી પંક્તિઓ, દૃષ્ટાંતો, રૂઢિપ્રયોગો કે કહેવતો વગેરે શોધો.
- સામાન્ય રીતે વિચારવિસ્તાર કે અર્થવિસ્તારના લેખનને આપણે ત્રણ ફકરામાં લખવું જોઈએ. પ્રથમ ફકરામાં એના મુખ્ય વિચારની, બીજા ફકરામાં એ પંક્તિઓની વીગતો દૃષ્ટાંતો સાથે વર્ણવવી. છેલ્લા અને ત્રીજા ફકરામાં ફરીથી સારરૂપ વીગતો સાથે પોતાનું મંતવ્ય રજૂ કરવું જોઈએ.
- છેલ્લે તૈયાર કરેલા લેખનને એકવાર ફરીથી વાંચી લેવું જોઈએ ને એમાં કાંઈ ભાષાકીય ભૂલો રહી ગઈ હોય તો તે સુધારી લેવી જોઈએ.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

1. જગમોહનદાસના કુટુંબમાં કુલ કેટલા સભ્યો હતા ? કયા-કયા ?

2. જગમોહનદાસ શાનો વેપાર કરતા હતા ? એકવાર એમને માથે કેવું સંકટ આવી પડ્યું ?

3. લેખિકાના પ્રશ્નનો જગમોહનદાસે શો જવાબ આપ્યો ?

4. જગમોહનદાસે લેખિકાની હાજરીમાં નિઃશ્વાસ કેમ નાખ્યો ? તેમને કઈ વાત મનોમન ખૂંચતી હતી ?

5. સુમોહનને કઈ વાત કઠતી હતી ? તેણે લેખિકાને શું કહ્યું ?

6. ઉત્પલાભાભી સુખની શી વ્યાખ્યા આપે છે?

7. પોતાને મળેલી ગુણિયલ વહુને પાર્વતીબહેન કોના પુણ્યનું બળ ગણાવે છે ?

8. લેખિકા જેને કર્તવ્યભાવના કહે છે એ પ્રીતિને મન શું છે ? શા માટે ?

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1. વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને લાવે છે તેવું લેખિકા કોના સંદર્ભે કહે છે ? શા માટે ?
2. આ પ્રસંગકથાનાં પાત્રોની વિશેષતા તમારા શબ્દોમાં લખો.
3. પોતાના પરિવાર પાસે સંસ્કારની શ્રીમંતાઈ છે એવું પ્રીતિ માને છે. તમે એમાં સમ્મત છો ? કેવી રીતે ?
4. આ પ્રસંગકથાનું દરેક પાત્ર અન્યના સુખનો જ વિચાર કરે છે, તમે આવી કોઈ ઘટના કે પ્રસંગના સાક્ષી બન્યા હોવ તો તે વિશે તમારા શબ્દોમાં લખો.

### 2. પાઠને આધારે નીચેનાં વિધાનો સમજાવો.

1. ''મોટર નથી એટલે હવે ચાલવાની કસરત મળે છે, તે ઊલટું સારું રહે છે.'' – જગમોહનદાસના આ વિધાનને આધારે તેમનો જીવનવાદી અભિગમ સ્પષ્ટ કરો.
2. ''ભગવાને સંપત્તિ લઈ લઈને તો ઊલટાની વધુ મોટી આશિષ આપી છે'' – વાક્ય કોણ બોલે છે ? વાક્યમાંથી કેવો સૂર પ્રગટે છે ?

## ● પ્રવૃત્તિ

- કુન્દનિકા કાપડિયાનું પુસ્તક 'પરમ સમીપે' મેળવીને વાંચો.
- હકારાત્મક અભિગમ ધરાવતા પ્રસંગોની યાદી તૈયાર કરીને વર્ગ સમક્ષ વાંચો.
- આ કુટુંબકથાને સંવાદ સ્વરૂપે વર્ગખંડમાં રજૂ કરો.

●